કપડવંજ નગરપાલિકા ઈચ્છે તો આખા શહેરને દરરોજ પાણી આપી શકાય તેવી શક્યતા

# કપડવંજ શહેરની તરસ છીપાવવા માટે 'ઉર કોઠાની વાવ' સક્ષમ !

**પાણીની** તંગી વચ્ચે એક હજાર વર્ષ જૂની વાવમાંથી સતત પાણીનો આવરો વહ્યો

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૨

એક તરફ કપડવંજ શહેરના નાગરિકો પીવાના પાણીની મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને આંતરે દિવસે કે અઠવાડિયા સુધી પાણી ન મળવાની સમસ્યાઓ સર્જાય છે, ત્યારે બીજી તરફ શહેરની એક હજાર વર્ષ જૂની ઐતિહાસિક ધરોહર ગણાતી 'ઉર કોઠા વાવ'માંથી સતત પાણીનો આવરો ચાલુ રહ્યો છે. પુરાતત્વ વિભાગ દ્વારા ચાલી રહેલા સમારકામ દરમિયાન પંપિંગ દ્વારા જેટલું પાણી બહાર કાઢવામાં આવે છે તેના કરતાં ડબલ પાણી વાવમાં ઉપર આવી રહ્યું છે. જો નગરપાલિકા આ પાણીનો સદુપયોગ કરે, તો કપડવંજવાસીઓને બહારના પાણી પર નિર્ભર રહ્યા વગર દરરોજ પાણી મળી શકે તેમ છે.

કપડવંજ શહેરની ઉર કોઠા વાવનું પુરાતત્વ વિભાગ દ્વારા સમારકામ ચાલી રહ્યું છે. સમારકામ માટે ભૂગર્ભ પાણી ખાલી કરવા દરરોજ પંપિંગ કરવામાં આવે છે, પરંતુ જેટલું પાણી બહાર કઢાય છે તેનાથી બમણું પાણી વાવમાં ઉપર આવે છે, જેથી સમારકામ અત્યંત મુશ્કેલ બન્યું છે. બીજી તરફ કપડવંજને ઘણી દૂરથી પાણી ખેંચી લાવીને પૂરું પાડવામાં આવે છે. વીજળીના ધાંધિયા અને નગરપાલિકાની મોટર બગડવાના કારણે લોકોને અવારનવાર પાણી વગર રહેવું પડે છે. હાલ આંતરે દિવસે અપાતા પાણીમાં પણ આવી તકનીકી ખામીઓને લીધે અઠવાડિયા સુધી નાગરિકોને પાણી મળતું નથી.



આ વાવમાં સતત અસ્ખલિત પાણીનો આવરો ચાલુ હોવાથી જો નગરપાલિકા આ પાણીના ટીડીએસ ચકાસીને શુદ્ધિકરણ કરે અને મક્કમ નિર્ધાર દર્શાવે, તો નાગરિકોને બહારના પાણી પર આધાર રાખવો ન પડે અને આખા કપડવંજને દરરોજ પાણી આપી શકાય તેવી શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કપડવંજમાં વાર - તહેવારે પાણીની સતત સમસ્યા સર્જાતી રહે છે. આ અંગે પાલિકા દ્વારા પણ ખાસ કોઈ આયોજન નથી. અહીંથી નહેર પસાર થવા છતાં કોઈ લાભ મળતો ન હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

# ઠાસરામાં સગીરા દુષ્કર્મ કેસનો મુખ્ય આરોપી મુંબઈથી પકડાયો

**ગેસ્ટ હાઉસ** મેનેજર સહિત ત્રણ મદદગારો સામે પણ ગુનો દાખલ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૨

ઠાસરા વિસ્તારમાં સગીરાને ફસાવ્યા બાદ દુષ્કર્મ આચરવાના અરેરાટીભર્યા ગુનામાં ઠાસરા પોલીસે મુખ્ય આરોપીને મુંબઈના નાગપાડામાંથી ઝડપી પાડ્યો છે. આ સાથે જ ઓળખના પુરાવા લીધા વગર રૂમ આપનાર અને આરોપીને ભગાડવામાં મદદ કરનાર ગેસ્ટ હાઉસના મેનેજર તથા અન્ય બે સાગરીતો સામે પણ પોલીસે કાયદેસરનો સકંજો કસ્યો છે.

ઠાસરાના કામિલ ઈસ્માઈલભાઈ વોરા નામના શખ્સે સગીરાને પ્રેમજાળમાં ફસાવી ડાકોર-ઉમરેઠ રોડ પર આવેલા આદર્શ ગેસ્ટ હાઉસ ખાતે લઈ જઈ તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. આ ગંભીર ઘટના અંગે 9મી ઓક્ટોબર 2024ના રોજ ગુનો નોંધાતા નાયબ પોલીસ અધિક્ષક કૃણાલ રાઠોડના માર્ગદર્શન હેઠળ ઠાસરા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. કામિલ મહારાષ્ટ્રમાં છુપાયો હોવાની ચોક્કસ બાતમી મળતાં પોલીસે વહેલી સવારે મુંબઈના સેન્ટ્રલ નાગપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડો પાડીને કામિલને દબોચી લીધો હતો.

પોલીસ તપાસ દરમિયાન આદર્શ ગેસ્ટ હાઉસના મેનેજર સંતોષ નાયકની મોટી બેદરકારી સામે આવી હતી, જેણે કોઈપણ આઈડી પ્રૂફ કે ઓનલાઈન એન્ટ્રી વગર રૂમ આપ્યો હતો. જ્યારે સગીરાના પરિજનો શોધતા પહોંચ્યા ત્યારે મેનેજરે જ મુખ્ય આરોપીને ત્યાંથી ભાગી જવામાં મદદ કરી હતી. આ ઉપરાંત સગીરાને લાવવા-લઈ જવા માટે વાહન તેમજ સુવિધાઓ પૂરી પાડનાર જતીન કનુભાઈ સેનવા અને ચિરાગ જશુભાઈ સેનવા સામે પણ મદદગારીનો ગુનો નોંધાયો છે.

પોલીસે મેનેજર સહિત ત્રણેય સામે પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. તેમજ કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ ગેસ્ટ હાઉસ અને સંચાલકો સામે અલગથી ગુનો દાખલ કરવા ડાકોર પોલીસને નિર્દેશ અપાયા છે.

# સામરખાના RTI અરજદારને માહિતી આપવા આદેશ કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

સામરખા ગ્રામ પંચાયત પાસેથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગવામાં આવેલી માહિતી અધૂરી અને નિયત સમયમર્યાદા બાદ મળ્યાની રજૂઆતના પગલે આણંદના તાલુકા વિકાસ અધિકારીએ અરજદારને માહિતી વિનામૂલ્યે પૂરી પાડવા હુકમ કર્યો છે.

સામરખાના ભરતભાઈ મગનભાઈ પટેલે ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સામરખા ગ્રામ પંચાયત સમક્ષ આરટીઆઈ હેઠળ કુલ ૧૫ મુદ્દાની માહિતી માગી હતી. અરજદારના જણાવ્યા મુજબ, તેમને નિયત સમયમર્યાદા કરતાં વિલંબથી અને અધૂરી માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, પૂરી પાડવામાં આવેલી માહિતી પર કચેરીનો જાવક નંબર ન હોવા સહિતના મુદ્દે તેમણે વાંધો ઉઠાવી પ્રથમ અપીલ કરી હતી. ૧લી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાયેલી પ્રથમ અપીલની સુનાવણી દરમિયાન અરજદારે માહિતીની ગુણવત્તા અને તે પૂરી પાડવામાં થયેલા વિલંબ અંગે રજૂઆત કરી હતી. આ ઉપરાંત, ગામમાં પાણીની પાઈપલાઈનના કદમાં ભેદભાવ હોવાનો આક્ષેપ કરી આ મામલે રૂબરૂ તપાસ કરવાની માગણી પણ કરી હતી.

બીજી તરફ, જાહેર માહિતી અધિકારીએ સુનાવણી દરમિયાન તમામ ૧૫ મુદ્દાઓને લગતી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવી હોવાનું જણાવ્યું હતું. બંને પક્ષોની રજૂઆતોને ધ્યાને લઈને અપીલ અધિકારીએ અરજદારને રેકર્ડનું નિરીક્ષણ કરવાની તક આપવા તેમજ જરૂરી માહિતી વિનામૂલ્યે આપવા આદેશ કર્યો છે.

## નડિયાદમાં નવદુર્ગા ગરબા મહોત્સવનો ભક્તિમય પ્રારંભ



નડિયાદ ખાતે મા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત નવદુર્ગા ગરબા મહોત્સવ-૨૦૨૬નો જગતજનની મા અંબાની આરતી ઉતારી ભક્તિમય માહોલમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નિમંત્રિત મહેમાનો, સ્થાનિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા. નડિયાદના ગરબા ગ્રાઉન્ડમાં નવરાત્રિના રંગે રંગાયેલા યુવાધને પરંપરાગત ગરબે ઘૂમી મા અંબાની આરાધના કરી હતી. સંગીતના સૂર, ભક્તિભાવ અને ઉત્સાહના સમન્વય સાથે ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. નવદુર્ગા ગરબા મહોત્સવના પ્રારંભથી સમગ્ર ગરબા ગ્રાઉન્ડમાં ધાર્મિકતા અને ઉત્સવનો માહોલ છવાયો હતો.
**તસવીર : જશવંતસિંહ રાઠોડ**

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજમાં ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધામાં ભવ્ય નિમાવત તાલુકા કક્ષાએ પ્રથમ આવ્યો

**કપડવંજ** | ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત યોજાયેલી ચેસ સ્પર્ધામાં કપડવંજની સી. ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના વિદ્યાર્થી ભવ્ય ગૌતમ નિમાવતે તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ભવ્યે સતત ચાર વર્ષથી પ્રથમ સ્થાન જાળવી રાખી પોતાની શાળા તેમજ કપડવંજ તાલુકાનું ગૌરવ વધાર્યું છે. પોતાની બૌદ્ધિક રમત, એકાગ્રતા અને નિયમિત મહેનત દ્વારા ભવ્યે પોતાની પ્રતિભાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને શિક્ષક ગણે ભવ્યને હાર્દિક અભિનંદન પાઠવ્યાં છે તથા ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે.



### કપડવંજની અલવા પે સેન્ટર શાળા ખાતે ક્લસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું



**કપડવંજ** | કપડવંજ તાલુકાની અલવા પે સેન્ટર શાળા ખાતે અલવા ક્લસ્ટર કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૬નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ક્લસ્ટરની ૧૧ શાળાઓમાંથી બાળકો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા અને કુલ ૫ વિભાગોમાં ૧૮ કૃતિઓ દર્શાવવામાં આવી હતી. પ્રસંગે સી.આર.સી. કો-ઓર્ડિનેટર જયેશભાઈ, શાળાના આચાર્ય તથા ગ્રામજનો હાજર રહ્યા હતા અને જયેશભાઈએ ગણિત, વિજ્ઞાન તેમજ પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું. દરેક વિભાગમાંથી પ્રથમ આવેલી શ્રેષ્ઠ ૫ કૃતિઓની તાલુકા કક્ષા માટે પસંદગી કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ કલા મહાકુંભમાં સુગમ સંગીતમાં રાજર્ષિ જોષીએ પ્રથમ નંબર મેળવી હેટ્રિક સર્જી

**કપડવંજ** | ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત કપડવંજ તાલુકા કક્ષાના 'કલા મહાકુંભ ૨૦૨૬' માં નરસિંહપુર પ્રાથમિક શાળાના તેજસ્વી વિદ્યાર્થી રાજર્ષિ કંદર્પકુમાર જોષી એ સુગમ સંગીત સ્પર્ધા (વિભાગ-અ) માં સમગ્ર તાલુકામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. રાજર્ષિએ પોતાની મધુર સંગીતમય પ્રસ્તુતિથી નિર્ણાયકોને મંત્રમુગ્ધ કરી કલા મહાકુંભમાં સતત ત્રીજા વર્ષે તાલુકા કક્ષાએ પ્રથમ આવીને વિજેતા બનવાની શાનદાર હેટ્રિક નોંધાવી છે. પોતાના સંગીત ગુરુ પારસભાઇ ભટ્ટ અને દેવેન્દ્રભાઇ આચાર્યના માર્ગદર્શન હેઠળ મેળવેલી આ સિદ્ધિ બાદ તેઓ હવે આગામી જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં કપડવંજ તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.



### વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં યુવા ઉદ્યોગસાહસિકતાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

**આણંદ** | વલ્લભ વિદ્યાનગર ખાતે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડો.) નિરંજન પી. પટેલની અધ્યક્ષતામાં વિકાસ સપ્તાહ ૨૦૨૬ અંતર્ગત 'એસપીયુ-એસએસઆઈપી-નવધારા' અને 'એસપીએસઈસી' દ્વારા 'નિર્માણ-૨૦૨૬' કાર્યક્રમ યોજાયો, જેમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યુવાનોમાં નવીન વિચારસરણી અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા સ્ટાર્ટઅપ, કૃત્રિમ બુદ્ધિમત્તા તથા સરકારી સહાય અંગે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસએસઆઈપી હેઠળ પ્રોત્સાહિત 'સ્વર્ગ રોહણ' અને 'રી-કેપ' જેવા સફળ સ્ટાર્ટઅપના યુવા સાહસિકોએ પોતાના પડકારો અને અનુભવો વિદ્યાર્થીઓ સાથે વહેંચ્યા હતાં.



### બાકરોલ સ્થિત 'સ્પેક' ખાતે બીએસસી અને એમએસસી માટે પેરેન્ટ-ટીચર મીટિંગનું આયોજન કરાયું

**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ, બાકરોલ સ્થિત સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાયડ સાયન્સ દ્વારા બી.એસ.સી. અને એમ.એસ.સી. (આઇ.ટી.) ના વિદ્યાર્થીઓ માટે પેરેન્ટ-ટીચર મીટિંગ યોજાઈ હતી. આ સમગ્ર આયોજન કોલેજના આચાર્ય ડો. મુકુંદચંદ્ર ઠાકુર, IQAC કો-ઓર્ડિનેટર ડો. શ્રેયા ભટ્ટ તેમજ વિભાગના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, ટ્રસ્ટીગણ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા ટીમ અને અધ્યાપકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કપાસની ખેતી અને ટપક પિયત માર્ગદર્શન અંગે ફિલ્ડ ડે યોજાયો

**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના નર્મદા પિયત સંશોધન કેન્દ્ર, ખાંધા દ્વારા સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કરજણ તાલુકાના લીલોડ ગામે 'કપાસની ટોચ કાપણી તેમજ ટપક પિયત પદ્ધતિ દ્વારા નાઇટ્રોજન વ્યવસ્થાપન' વિષય પર ફિલ્ડ ડે યોજાયો હતો. ખેડૂત દિનેશચંદ્ર અંબાલાલ પટેલના નિદર્શન પ્લોટ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં આશરે ૩૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુનિટ અધિકારી ડો. જે. એચ. ચૌધરીએ બીટી કપાસમાં ઉત્પાદન વધારવા માટે ટપક પિયત પદ્ધતિ અપનાવવા પર ભાર મૂકી પિયત વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપ્યું હતું.



### આણંદ જિલ્લાના ખેલ મહાકુંભમાં રસ્સા ખેંચમાં જ્ઞાનયજ્ઞ વિદ્યાલયે દ્વિતીય સ્થાન મેળવ્યું

**આણંદ** | સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને આણંદ જિલ્લા રમતગમત કચેરી સંચાલિત ખેલ મહાકુંભ અંતર્ગત કરમસદ-આણંદ મહાનગરપાલિકા ઝોન-4 કક્ષાની અન્ડર-17 રસ્સા ખેંચ (ટગ ઓફ વોર) હરીફાઈ યોજાઈ હતી. આ સ્પર્ધામાં અનુપમ મિશન સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની ભાઈઓ અને બહેનોની ટીમે ઝળહળતું પ્રદર્શન કરી દ્વિતીય ક્રમાંક હાસલ કર્યો હતો. આ શાનદાર સફળતાના આધારે વિજેતા ખેલાડીઓની આગામી જિલ્લા કક્ષાની હરીફાઈ માટે પસંદગી કરવામાં આવી છે. સંસ્થાનું ગૌરવ વધારવા બદલ યોગી વિદ્યાપીઠના કુલગુરુ ડો. રતિકાકા, શાળાના આચાર્યા તથા સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



### આણંદની આઈ. જે. પટેલ કોલેજમાં 'કૌશલ્ય વર્ધક ઓનલાઈન કોર્સ' અંગે સેમિનાર યોજાયો

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ. જે. પટેલ બી.એડ્./એમ.એડ્. કોલેજ ખાતે સરદાર પટેલ યુનિવર્સિટી અને આઈબીએમના સંયુક્ત ઉપક્રમે 'કૌશલ્ય વર્ધક ઓનલાઈન કોર્સ' અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે રોજગારલક્ષી કૌશલ્યો કેળવે તે હેતુથી આયોજિત આ સેમિનારમાં આઈબીએમના ઈમ્તિયાઝ સૈયદ અને મનીષા પરમારે વિવિધ કોર્સ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય ડો. યજ્ઞેશ પુરોહિતે રૂપરેખા રજૂ કરી હતી, જ્યારે સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલે આ શૈક્ષણિક પહેલને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનો પરિચય અને આભાર વિધિ ડો. અમૃત તીરગર દ્વારા કરવામાં આવી હતી.



### લુણાવાડાની એસ. કે. હાઇસ્કૂલમાં આપત્તિ વ્યવસ્થાપન અને ફાયર ટીમ દ્વારા સફળ મોક ડ્રિલ યોજાઈ



**લુણાવાડા** | જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના માર્ગદર્શન હેઠળ લુણાવાડા નગરપાલિકા ફાયર ટીમ દ્વારા શ્રી એસ. કે. હાઇસ્કૂલ ખાતે ઇમરજન્સી 'સ્કૂલ ઇવેક્યુએશન ડ્રિલ' અને 'મોક ડ્રિલ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મોક ડ્રિલમાં ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવવાની વિવિધ પદ્ધતિઓ અને આપાતકાલીન બચાવ કામગીરીનું જીવંત પ્રદર્શન (ડેમોન્સ્ટ્રેશન) રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડિઝાસ્ટર મામલતદાર, નગરપાલિકા ફાયર ઓફિસર, સ્થાનિક પોલીસ, મેડિકલ ટીમ, શાળાના આચાર્ય, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### લુણાવાડા ખાતે 'સેવા સંકલ્પ યાત્રા' દરમિયાન જનસંવાદના કાર્યક્રમો યોજાયા

**લુણાવાડા** | ભાજપની 'સેવા સંકલ્પ યાત્રા' મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે આવી પહોંચતાં વિવિધ સમાજો અને આગેવાનો દ્વારા પુષ્પવર્ષા સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રદેશ અગ્રણીઓ અને મંત્રીઓએ લુણેશ્વર મહાદેવના દર્શન કરી તેમજ પૂજ્ય મહાત્મા ગાંધી, ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સરદાર પટેલની પ્રતિમાઓને સુતરની આંટી તથા ફુલહાર અર્પણ કરી ભાવાંજલિ આપી હતી. નગરમાં યોજાયેલી બાઇક યાત્રા બાદ આગેવાનોએ વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો અને હરદાસપૂર ખાતે યુવા રમતવીરોનો ઉત્સાહ વધાર્યો હતો.



### લુણાવાડાના મેળજીના મુવાડા આંગણવાડી કેન્દ્ર ખાતે 'આંગણ સેવા મિલન' યોજાયો

**લુણાવાડા** | લુણાવાડાના મેળજીના મુવાડા આંગણવાડી કેન્દ્ર ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ 'આંગણ સેવા મિલન' કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનો અને લાભાર્થીઓની બહોળી ઉપસ્થિતિમાં આંગણવાડી સ્તરે મળતી પોષણ અને આરોગ્યલક્ષી સેવાઓ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ સમારંભ દરમિયાન 'સ્વસ્થ બાળક' તરીકે પસંદ થયેલા બાળકો અને તેજસ્વી કિશોરીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે લાભાર્થી માતાઓ અને બાળકોને 'ટેક હોમ રાશન' (THR), પૌષ્ટિક સુખડી તથા તાજા ફળોનું વિતરણ કરાયું હતું.

